# શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ



# વાર્ષિક અહેવાલ ૨૦૨૦-૨૧









Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005

# ટ્રસ્ટીઓનો સંદેશ

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા **વર્ષ ૨૦૨૦-૨૧** દરમિયાન કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ આપ સૌની સમક્ષ રજૂ કરી રહ્યા છીએ.

વીતેલું વર્ષ ૨૦૨૦ સમગ્ર માનવજાત માટે ભારે રહ્યું. આપણે ધાર્યું' તું શું ને થયું શું. ચારે દિશામાંથી થઈ રહેલા ભગીરથ પ્રયાસ છતાં ભેદી વાઈરસ જાણે કાયમ માટે રહેવાનો હોય તેમ અડીખમ રહ્યો. ટ્રસ્ટ દ્વારા આયોજીત પ્રવૃત્તિઓ શરુ કરવાના નવા નાણાંકીય વર્ષના (૨૫, માર્ચ-૨૦૨૦ થી ૩૧, મે-૨૦૨૦) પ્રારંભે જ આખો દેશ સરકારે જાહેર કરેલ ''લોકડાઉન'' થી થંભી ગયો. બે-ત્રણ મહિના તો માનવ જીવનના બધા ક્ષેત્રના ચક્રો સાવ અચાનક થંભી ગયા. સૌ વિમાસણમાં પડી ગયા, બધા આયોજનો- વિચારો - કાર્યક્રમો ખોરંભે પડ્યા. હવે શું કરવું ? કેમ કરવું ? બધું પાછું ક્યારે રાબેતા મુજબ શરુ કરી શકીશું ? કોઈની પાસે કોઈ જવાબ ન હતો.

કોવિડ-૧૯ની મહામારી (Pandemic) ને કારણે ૨૦૨૦નું આખુ વર્ષ ટ્રસ્ટ દ્વારા આયોજિત (વાર્ષિક ધોરણે નિયત કરેલાં ભૌતિક અને નાણાંકીય લક્ષ્યાંકો) આરોગ્ય, શિક્ષણ અને ગ્રામવિકાસની વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના અમલીકરણ માટે ખૂબ પડકારજનક (Challenging) અને ખૂબ અનિશ્ચિતતા (Uncertainty) વાળા રહ્યા.

મહામારીના વિતેલાં વર્ષે સમગ્ર માનવ જાતને ઘણું નવું શીખવ્યું, સમજાયું. આ કપરા કાળમાં લોકો માટે અનેક રસ્તા બંધ થઈ ગયા તો કેટલાંક લોકોએ સંજોગો સામે હામ ભીડી નવા ચીલા પણ ચાતર્યા. આપણાં ટ્રસ્ટ માટે પણ એક બોધ હતો : આવી પડેલી અણધારી આપત્તિને અવસરમાં પલટાવીને કંઈક નવું કરો... નવી શરુઆત કરો. કહેવાનું એ જ છે કે, તકલીફો-મુશ્કેલીઓ અને અવરોધોને વીસારે પાડી આગળ વધો. **The Show Must Go On....** અને એટલે જ આ મહામારીની અનિશ્ચિતાઓ અને કોવિડ-૧૯ના વાઈરસના સંક્રમણના ભયના માહોલમાં પણ અમને સૌને જે સૂજ્યું, અનુભવ્યું તેમ તેમ પ્રવૃત્તિઓ કરતા ગયા, જરુર પડે ત્યારે વિવિધ ક્ષેત્રોના અનુભવી નિષ્ણાંતોનું માર્ગદર્શન અને સહકાર મેળવીને **વર્ષ ૨૦૨૦-૨૧ના** વર્ષમાં આરોગ્ય, શિક્ષણ અને ગ્રામ વિકાસના ક્ષેત્રે કરેલાં થોડા-ઘણાં પ્રયાસો/પ્રવૃત્તિઓની સંક્ષિપ્તમાં વિગતો વાર્ષિક અહેવાલમાં આપની સમક્ષ રજૂ કરતા આનંદ અનુભવીએ છીએ.

## આરોગ્ય :

અમારા પરિવારના આદરણીય **સ્વ. શ્રીમતી સંતોકબા ભગવતીની** સ્મૃતિમાં આપેલ અનુદાનથી **''શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ''** દ્વારા છેલ્લાં 52 વર્ષથી અવિરતપણે ધોળકા શહેરના નગરજનો અને ધોળકા શહેરની આસપાસના ગામોના જન સમુદાયને સારવારના અદ્યતન ઉપકરણો અને નિષ્ણાંત અનુભવી ડૉક્ટરો દ્વારા તદ્દન રાહત દરે વૈદ્યકીય સેવાઓ પૂરી પાડી રહ્યા છીએ.

**કોવિડ-૧૯ ની મહામારીમાં જનસમુદાયની અવિરત આરોગ્ય સેવા :** જે ડૉક્ટરો અમદાવાદ ખાતે રહીને ધોળકા શહેરમાં ખાનગી હૉસ્પિટલો અને પ્રસૂતિગૃહો ચલાવતા હતા તેઓ લોકડાઉનના કડક અમલને કારણે અને કોરોના વાઈરસના સંક્રમણના ભય ને કારણે ધોળકા આવતા નહોતા તેથી તેમનાં ખાનગી હૉસ્પિટલ અને પ્રસૂતિગૃહો લાંબા સમય સુધી બંધ રહેતા હતા. લોકડાઉનના સમયે ધોળકા શહેર અને આજુ બાજુના વિસ્તારોમાં પણ ખાનગી હૉસ્પિટલોમાં ડૉક્ટરો અને અન્ય તબીબી સેવાઓ ઉપલબ્ધ ન થવાને કારણે સગર્ભા મહિલા દર્દીઓ ધોળકા ખાતેના એક માત્ર આશાના કિરણસમા શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં સારવાર અને પ્રસૂતિ માટે આવતા હતા, અત્રેની હૉસ્પિટલમાં પ્રસૂતિ માટે આવનાર મહિલા દર્દીઓમાં ઘણાં મુશ્કેલીવાળા (Complications) કેસો પણ આવ્યા હતા, છતાં તેવા દરેક દર્દીઓને ખાસ કાળજીપૂર્વક આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડીને સફળતાપૂર્વક પ્રસૂતિઓ કરાવી હતી. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના ધોળકા ખાતે રહેતા ડૉક્ટરો અને હૉસ્પિટલનો સમગ્ર સ્ટાફ કોવિડ-૧૯ના સંક્રમણના સતત ભય વચ્ચે પણ રાત-દિવસ જોયા વગર **24 x 7** મુજબ અવિરતપણે હૉસ્પિટલ ચાલુ રાખીને, આવા કપરા સમયમાં પણ **Front line warrior** બનીને આવુ માનવતાભર્યું ઉમદા સેવાકાર્ય કર્યું છે તેથી, હૉસ્પિટલનો સમગ્ર સ્ટાફ ખૂબ અભિનંદનને પાત્ર છે.

અમોને જણાવતા આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે, શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં અત્યાર સુધીના વર્ષોમાં થયેલી પ્રસૂતિ કરતા આવા મુશ્કેલીભર્યા સમયગાળામાં પણ રાહત દરે સૌથી વધુ સંખ્યામાં મહિલાઓની સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવી શક્યા છીએ, આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ થવાનો શ્રેય હૉસ્પિટલના નિષ્ઠાવાન અને સેવાભાવી ડૉક્ટરો અને સમગ્ર સ્ટાફને જાય છે.

શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં અપાતી સમયસરની સારી સારવાર અને દરેક દર્દીઓની લેવાતી પૂરતી કાળજીને કારણે આ વર્ષે હૉસ્પિટલમાં **કુલ ૧૮૨૪ પ્રસૂતિ થઈ** તેમાં **માતાનો મૃત્યુદર શૂન્ય** રહ્યો છે. રાજ્ય સરકારનો નવજાત શિશુના મૃત્યુદર અંગેનો લક્ષ્યાંક **૧૦૦૦ બાળકે ૪૦ નો** છે. આ વર્ષે શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં **૧૦૦૦ નવજાત શિશુએ મૃત્યુદર માત્ર ૧ સંખ્યામાં સિમિત** રહેલ છે જે આપણાં સૌ માટે આનંદ અને ગૌરવની વાત છે.

## શિક્ષણ :

કોવિડ-૧૯ની મહામારીના સમયમાં જૂન-૨૦૨૦-૨૧ના નવા શૈક્ષણિક સત્રથી શાળાઓ શરુ થશે કે કેમ ? એ પણ ખૂબ અનિશ્ચિત હતું. ગામડાઓ અને શહેરોમાં દરેક જગ્યાએ નાના-મોટા સૌના મનમાં કોરોના-૧૯ના સંક્રમણનો ભય ફેલાયો હતો તેથી વિદ્યાર્થીઓને કોઈ એક સ્થળે સમૂહમાં ભેગા કરીને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય કરાવવું શક્ય નહોતું. આવા સંજોગોમાં ગ્રામીણ બાળકો માટે કેવી શિક્ષણ પદ્ધતિ અપનાવવી ? બાળકોનું પ્રવૃત્તિ દ્વારા ગુણવત્તાસભર શિક્ષણકાર્ય કેવી રીતે શરુ કરવું ? વિગેરે મથામણ અમારા મનમાં સતત રહેતી હતી. **મોબાઈલ દ્વારા ઑનલાઈન શિક્ષણ કાર્ય :** નવા શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓને શાળાઓએ બોલાવવા નહીં અને દરેક ધોરણના વિદ્યાર્થીઓને ઘરે બેઠા અભ્યાસક્રમ મુજબ શૈક્ષણિક પ્રવૃત્તિઓ મળી રહે તે મુજબ **Home Learning - દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ** (શૈક્ષણિક કાર્ય) ની પ્રક્રિયા શરુ કરવાનું રાજ્ય સરકારે મધ્ય જૂન-૨૦૨૦માં જાહેર કર્યું. બાળકો હવે શાળાએ આવી શકે તેમ જ નથી તેવી પરિસ્થિતિ ઉભી થતાં ટ્રસ્ટ દ્વારા ૧૦ ગામોમાં મોબાઈલ આધારિત ઑનલાઈન શિક્ષણ કાર્ય શરુ કર્યું.

ઑન લાઈન શિક્ષણ કાર્યની પદ્ધતિના અમલીકરણ દરમિયાન અમે અનુભવ્યું કે, આ પધ્ધતિની કેટલીક પાયાની મર્યાદાઓ છે, જે ઑનલાઈન શિક્ષણ કાર્યને બહુ જ ઓછા વિદ્યાર્થીઓ સુધી મર્યાદિત (Limited) કરી દેતી હતી. આ સમસ્યાઓનો કોઈ ઉપાય પણ નથી તેવું અમોને દ્રઢ થતા બીજા વિકલ્પ તરીકે, વિદ્યાર્થીઓના વૉટ્સઅપ જૂથ બનાવીને ઑફલાઈન શિક્ષણકાર્ય શરુ કરવાના પણ પ્રયાસો કરી જોયા, પણ તેમાં પણ અમને બહુ ઉત્સાહજનક પરિણામો ન મળ્યા.

**ઘરે શીખીએ (Learning at Home) :** ઑનલાઈન શિક્ષણ કાર્યમાં આવેલાં પાયાના અવરોધોને કારણે શિક્ષણકાર્યનો અન્ય અસરકારક અને વ્યવહારુ વિકલ્પ વિચારતા હતા ત્યારે અમને તેનો એક વૈકલ્પિક માર્ગ અમારા ટ્રસ્ટના માર્ગદર્શક ડૉ. અરુણભાઈ દવેએ સૂચવ્યો. તેઓના સૂચનને આધારે ટ્રસ્ટે રાજ્ય સરકાર દ્વારા શરુ કરવામાં આવેલા **HOME LEARNING - દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ**ના વિવિધ ઘટકોમાંનું (Component) એક **''ઘરે શીખીએ''** નામની શૈક્ષણિક સામગ્રીના સંપુટમાં દર્શાવેલ શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને ઘરે ઘરે જઈને શીખવવાનું શરુ કરીને, થોડું શિક્ષણ કાર્ય ચાલુ કર્યું. આમ, આવા પડકારજનક અને અનિશ્ચિતતા વાળા વર્ષમાં પણ, **જુલાઈ-૨૦ થી માર્ચ-૨૧ દરમિયાન ''ઘરે શીખીએ'' શૈક્ષણિક સામગ્રીના સંપુટનો ઉપયોગ કરીને** અમારા કાર્યક્ષેત્રના કુલ ૫૬ ગામોમાં ધોરણ ૧ થી ૮ ના **કુલ ૧૮૪૧૪ વિદ્યાર્થીઓને** શિક્ષણકાર્યનું Exposure આપી શક્યા તેનો અમોને આનંદ અને સંતોષ છે.



**વાઈરસ (કોવિડ-૧૯) ના સંક્રમણથી સમુદાયના લોકો સુરક્ષિત રહે તે માટે લોક શિક્ષણ :** ધોળકા તાલુકાના ત્રણ ગામોના સર્વાંગી વિકાસ માટે ટ્રસ્ટ ઘણા વર્ષોથી પ્રયત્નશીલ છે, તે ગામોમાં કોવિડ-૧૯ની મહામારીમાં સમુદાયના લોકો સંક્રમણથી બચે અને રોગચાળાનો ભોગ ન બને તે માટે લોક શિક્ષણ દ્વારા ગામ સમુદાય અને બાળકોમાં જાગૃતિ લાવવાનું આયોજન એપ્રિલ થી જૂનના મહિનાઓમાં ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. ભુંભલી, વેજલકા અને કેસરગઢ ગામના લોકોની રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે ઉકાળાનું વિતરણ કર્યું. વાઈરસના સંક્રમણથી સુરક્ષિત રહે તે હેતુથી Face Mask નું વિતરણ કર્યું અને લોકોમાં સાબુથી નિયમિત હાથ ધોવાની ટેવ પડે તે માટે સાબુનું પણ વિતરણ કર્યું હતું.

આમ, અમારા ટ્રસ્ટ દ્વારા આ મહામારીના વર્ષે હૉસ્પિટલની આરોગ્ય સેવાઓ ચાલું રહે, ગ્રામીણ વિસ્તારના બાળકોનું શિક્ષણકાર્ય પણ શરૂ રહે તેવા પ્રયત્નો કર્યા હતા તથા કોવિડ-૧૯ની મહામારીમાં ગ્રામીણ સમુદાય માટે થોડા ઘણા અંશે રાહત અને બચાવની પ્રવૃત્તિઓ કરીને સમાજને ઉપયોગી થવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ટ્રસ્ટના ધ્યેયને સિધ્ધ કરવામાં વિવિધ સ્વરુપે મદદરુપ થનાર, સજ્જનો, સ્નેહીજનો, મિત્રો તથા શુભેચ્છકોનો અમે ટ્રસ્ટીગણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

**તારીખ : ૦૭-૦૬-૨૦૨૧**
**સ્થળ : અમદાવાદ**

**શ્રી પ્રકાશભાઈ કે. ભગવતી**
**શ્રીમતી અંજનાબેન પી. ભગવતી**
**શ્રી અમોલભાઈ પી. ભગવતી**

# ગુણવત્તાયુક્ત શિક્ષણ

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા **સ્વ. પ્રભાવતીબહેન ભગવતીના જન્મ શતાબ્દી વર્ષ ૨૦૧૪માં** સ્મૃતિવંદના અને તેમનાં સ્મરણમાં ગ્રામીણ વિસ્તારોના પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય તે હેતુથી **''પ્રગતિશીલ શાળા વિકાસ''** યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં **''પ્રગતિશીલ શાળા વિકાસ''** યોજના હેઠળ **પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાલક્ષી** બનાવવાના હેતુસર **કાર્ય કરવા (To implement)** માટે **વર્ષ ૨૦૧૪ થી** અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાની **૧૩ પ્રાથમિક શાળાઓની ત્રણ તબક્કામાં પસંદગી** કરવામાં આવી છે. આ ૧૩ પ્રાથમિક શાળાઓમાં **શિક્ષણને ગુણવત્તાલક્ષી** બનાવવાના **હેતુને સિધ્ધ (Achieve the goal) કરવા** માટે દર વર્ષે ટ્રસ્ટ દ્વારા મુખ્યત્વે ત્રણ **પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓનું** વાર્ષિક આયોજન કરવામાં આવે છે.

**(૧)** પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય (Activity based learning approach) **(૨)** સહઅભ્યાસિક (Co-curricular activity) પ્રવૃત્તિઓ **(૩)** વિદ્યાર્થીઓ અને શાળાઓને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ.

## (૧) પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય (Activity based learning approach)

### ૧.૧ પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય કરવા માટે મોબાઈલ યુનિટ

પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય કરવાના હેતુસર ટ્રસ્ટ દ્વારા **મોબાઈલ યુનિટની** રચના કરવામાં આવી છે. આ યુનિટ માટે યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા અને તાલીમબધ્ધ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. પસંદ કરેલી પ્રાથમિક શાળાઓમાં પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્ય કરવા માટે નિયત સમયપત્રક મુજબ શૈક્ષણિક સાધન - સામગ્રી સાથે લઈને ટ્રસ્ટના શિક્ષકો નિયમિત અને સમયસર શાળાઓમાં પહોંચી શકે તે હેતુથી ટ્રસ્ટે એક પેસેન્જર રીક્ષા પણ વસાવી છે.

**કોવિડ-૧૯ની મહામારી વાળા ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક વર્ષમાં પ્રવૃત્તિ આધારિત શિક્ષણ કાર્યની વિશેષતા :**

૨૦૨૦-૨૧નું શૈક્ષણિક વર્ષ કોવિડ-૧૯ની મહામારીને કારણે ટ્રસ્ટ માટે ખૂબ જ અનિશ્ચિત અને પડકારરુપ રહ્યું કારણ કે, શાળાઓ ક્યારે ખુલશે ? અને શાળાઓમાં બાળકોનું શિક્ષણકાર્ય ક્યારથી શરુ થશે ? તેનો કોઈને જ અંદાજ ન હતો. COVID-19 ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી સરકારે એપ્રિલ, ૨૦૨૦ થી સમગ્ર દેશમાં **લોકડાઉન** જાહેર કરી દીધું. શાળાઓ - કોલેજો - કોચીંગ ક્લાસ - તાલીમી સંસ્થાઓ બધું જ સંપૂર્ણ બંધ. ૧૭ મે, ૨૦૨૦ સુધી તો બધુ જ બંધ. ૩૦ જૂન, ૨૦૨૦ સુધી દરેક સ્તરની શૈક્ષણિક સંસ્થાઓમાં કોઈ પણ ધોરણના વિદ્યાર્થીઓએ શાળાએ આવવાનું રહેશે નહીં તેવું રાજ્ય સરકાર દ્વારા ફરમાન કરવામાં આવ્યું, અને દરેક ધોરણના વિદ્યાર્થીઓને ઘરે બેઠા અભ્યાસક્રમ મુજબ શૈક્ષણિક પ્રવૃત્તિઓ મળી રહે તે મુજબ Home Learning - દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ (શૈક્ષણિક કાર્ય)ની પ્રક્રિયા શરુ કરવાનું રાજ્ય સરકારે દરેક શૈક્ષણિક સંસ્થાઓને જણાવ્યું.

**રાજ્ય સરકારનો Home Learning - દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ :**

ગુજરાત સરકાર દ્વારા દરેક ધોરણના વિદ્યાર્થીઓની Home Learning ની પ્રક્રિયા (શૈક્ષણિક કાર્ય) અભ્યાસક્રમ મુજબ ઘેર બેઠા થઈ શકે તે માટે **''ઘરે શીખીએ''** નામનું શૈક્ષણિક સાહિત્ય તૈયાર કરી વિદ્યાર્થીઓને આપવામાં આવતું હતું, મોબાઈલના અને ટેલિવિઝન (સરકારી ડી. ડી. ગીરનાર ટી.વી. ચેનલ) ના માધ્યમ દ્વારા ૧ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ માટે ઑનલાઈન એજ્યુકેશન શરૂ કર્યું, Audio-visual Learning content યુટ્યુબ અને DIKSHA પોર્ટલ ઉપર મૂકવામાં આવ્યું હતું. સાથે સાથે સ્થાનિક પ્રાથમિક શાળાના શિક્ષકો ને Microsoft Teams મારફત વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા ઑનલાઈન શિક્ષણ કાર્ય શરુ કરવાનો આદેશ પણ રાજ્ય સરકાર તરફથી આપવામાં આવ્યો હતો.

**ટ્રસ્ટ દ્વારા ''ઘરે શીખીએ''ના શૈક્ષણિક સાહિત્ય સંપુટના ઉપયોગથી શિક્ષણકાર્ય : (Learning at Home):**

વિદ્યાર્થીઓને શાળાઓમાં બોલાવીને શૈક્ષણિક કાર્ય કરાવી શકાય તેમ નથી તેવું નક્કી થયા પછી મોબાઈલના માધ્યમથી ઑનલાઈન શિક્ષણ કાર્યની શરુઆત કરવામાં આવી હતી. મોબાઈલના માધ્યમથી ઑનલાઈન શિક્ષણકાર્યમાં આવેલાં પાયાના અવરોધોને કારણે હવે કેવી પધ્ધતિથી શિક્ષણ કાર્ય કરાવવું ? તે અંગેનો રસ્તો સૂજતો ન હતો, અમારી આ મુઝવણનો વધુ સારો વિકલ્પ શોધવા અમે લોકભારતી, સણોસરાના મેનેજીંગ ટ્રસ્ટી અને અમારા ટ્રસ્ટના માર્ગદર્શક ડૉ. અરુણભાઈ દવેનું માર્ગદર્શન મેળવ્યું. તેઓના સૂચનને આધારે, રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા **Home Learning - દૂરવર્તી શિક્ષણ કાર્યક્મ માટેના** વિવિધ ઘટકોમાંથી (Component) એક **''ઘરે શીખીએ'' નામના શૈક્ષણિક સાહિત્યનો સંપુટ વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે આપવામાં આવતો હતો.** ટ્રસ્ટે પસંદ કરેલી ૧૦ શાળાઓના વિદ્યાર્થીઓમાંથી અભ્યાસમાં નબળા હોય તેવા પસંદ કરેલ ૧૦ વિદ્યાર્થીઓના ઘરે ઘરે જઈને **આ સંપુટમાં દર્શાવેલ શૈક્ષણિક પ્રવૃત્તિઓ** કરાવીને અમે બાળકોનું શિક્ષણ કાર્ય ચાલુ કર્યું.

**''ઘરે શીખીએ'' શૈક્ષણિક સંપુટ આધારિત આયોજન બધ્ધ શિક્ષણ કાર્ય :**

(૧) આ નવી પધ્ધતિ - અભિગમથી (વિદ્યાર્થીઓના ઘરે ઘરે જઈને વ્યક્તિગત રીતે શૈક્ષણિક સાહિત્યમાં આપેલી પ્રવૃત્તિઓ આધારિત ભણાવવું) શિક્ષણકાર્ય કરાવી શકે તે માટે એક દિવસની તાલીમ અને પૂર્વાભિમુખીકરણ (Orientation) ના હેતુસર અમે, સૌ પ્રથમ ટ્રસ્ટના શિક્ષકોની આખી ટીમને **''ઘરે શીખીએ''** શૈક્ષણિક સામગ્રીના સંપુટ તૈયાર કરનાર નિષ્ણાંતોની ટીમ પાસે મોકલી હતી.

(૨) શિક્ષકો તાલીમ લઈને આવ્યા પછી ટ્રસ્ટના **પ્રગતિશીલ શાળા વિકાસ યોજના** માટે ધોળકા તાલુકાની પસંદ કરેલી ૧૩ પ્રાથમિક શાળાઓ **પૈકી ૧૦ પ્રાથમિક શાળાઓ**ના ગામની શૈક્ષણિક કાર્ય કરાવવા માટે પસંદગી કરી.

(૩) પસંદગીના આ ૧૦ ગામોમાં વારા ફરતી શિક્ષણ કાર્ય કરવા જવા માટેનું માસિક સમયપત્રક તૈયાર કર્યું.



(૪) ધોરણ ૧ થી ૮ માં ભણતા હોય તે વિદ્યાર્થીઓમાંથી ભણવામાં નબળા હોય **એવા ૧૦ વિદ્યાર્થીઓ** (૫ કુમાર અને ૫ કન્યા) ના નામોની યાદી સ્થાનિક શાળા પાસેથી મેળવીને દર મહિને **અંદાજીત કુલ ૮૦૦ વિદ્યાર્થીઓને** શિક્ષણકાર્ય કરાવવાનો લક્ષ્ય નક્કી કર્યો હતો.

(૫) પસંદ કરેલા વિદ્યાર્થીઓની નિયમિત હાજરી પૂરવાનું નક્કી કર્યું. વિદ્યાર્થી કે તેમનાં વાલીની દૈનિક મુલાકાત પત્રકમાં સહી લેવાનું નક્કી કર્યું. તથા દરેક વિદ્યાર્થી સાથે વ્યક્તિગત રીતે ટ્રસ્ટના શિક્ષકના મોબાઈલમાં સેલ્ફી લેવાનું પણ નક્કી કર્યું.

(૬) વિદ્યાર્થીઓ અને શિક્ષકો એક બીજા દ્વારા વાઈરસથી સંક્રમિત





થાય નહીં તે માટે ટ્રસ્ટના શિક્ષકોનો ANTIGEN TEST For COVID-19 કરાવ્યો, દરેક શિક્ષકોને Face mask આપ્યા, હાથમાં પહેરવાના ગ્લોઝ આપ્યા અને સેનિટાઈઝર આપ્યા, બે શિક્ષકો વચ્ચે એક થર્મલ ગન (બાળકોના શરીરનું તાપમાન માપવા માટે) આપી, જે વિદ્યાર્થીઓ પાસે Face Mask ન હોય તેમને Face mask આપવા માટે શિક્ષકોને વધારાના Face mask આપ્યા અને કોવિડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ જ બાળકોને શિક્ષણકાર્ય કરાવવાનું આયોજન કર્યું.

(૭) યાદી મુજબના ૧૦ વિદ્યાર્થીઓના ઘરે જઈને (કોવિડ-૧૯ની માર્ગદર્શિકા- SOP ને અનુસરીને) **વ્યક્તિગત (Individual tuition) રીતે** ''ઘરે શીખીએ'' શૈક્ષણિક સામગ્રીને આધાર બનાવીને બાળકોનું શિક્ષણકાર્ય ચાલુ કર્યું.








(૮) દૈનિક ધોરણે ટ્રસ્ટના ૪ શિક્ષકો ધોળકા થી સવારે ૧૦ વાગે ટ્રસ્ટની પેસેન્જર રીક્ષામાં બેસીને સાંજે ૫ વાગે શિક્ષણકાર્ય પૂર્ણ કરીને ધોળકા પરત ફરતા હતા.



(૯) ટ્રસ્ટના શિક્ષકો દૈનિક ધોરણે દરેક વિદ્યાર્થીને ઘરે સરેરાશ ૨૦ થી ૩૦ મિનિટનો સમય શિક્ષણ કાર્ય માટે ફાળવી શકતા હતા. ટ્રસ્ટ દ્વારા એક શિક્ષકને શિક્ષણ કાર્ય કરાવવા માટે બે-બે ધોરણ ફાળવ્યા હતા, તેથી એક ગામમાં પહેલાં દિવસે એક ધોરણના ૧૦ વિદ્યાર્થીઓના ઘરની મુલાકાત કરે, બીજા દિવસે તે જ ગામમાં બીજું ધોરણ સોંપેલું હોય તે ધોરણના ૧૦ વિદ્યાર્થીઓના ઘરની મુલાકાત કરીને શિક્ષણ કાર્ય કરાવતા હતા. ટ્રસ્ટના શિક્ષકોની ટીમ દર મહિને સરેરાશ બે વાર એક ગામમાં શિક્ષણ કાર્ય કરવા માટે જાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું.

**(૧૦) ટ્રસ્ટના શિક્ષકો દ્વારા થયેલી શિક્ષણકાર્યની પ્રવૃત્તિઓ :**

(૧૦.૧) વ્યક્તિગત શિક્ષણકાર્ય દરમિયાન ટ્રસ્ટના શિક્ષકો મુખ્યત્વે બે પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્યમાં સહાયરુપ બનવાનો પ્રયાસ કરતા હતા. **(A)** ઘરે શીખીએ - શૈક્ષણિક સંપુટમાં આપેલી પ્રવૃત્તિઓ કરાવવામાં વિદ્યાર્થીઓને સહાયરુપ / માર્ગદર્શક બનવું તથા વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ કરવા માટે ટ્રસ્ટ તરફથી પ્રાથમિક સાધન - સામગ્રી પૂરી પાડવી **(B)** ઘરે શીખીએ - શૈક્ષણિક સંપુટમાં આપેલા પાઠમાં મૂકેલાં **QR કોડને** ટ્રસ્ટના શિક્ષકો પોતાના મોબાઈલમાં સ્કેન કરી, લીંક ઑપન કરીને શૈક્ષણિક પ્રવૃત્તિઓના વિવિધ વિડીયો વિદ્યાર્થીને બતાવતા હતા. વિદ્યાર્થીઓએ પાઠમાં આપેલી પ્રવૃત્તિ કેવી રીતે કરવાની ? તેની રીતનું વર્ણન વિડીયોમાં કરેલું હોય તથા પાઠને અનુરુપ બાળગીત, અભિનય ગીત, વાર્તા, નાટક, જોડકણાં - ઉખાણા વિગેરે જેવી પૂરક શૈક્ષણિક માહિતી- જાણકારી વિડીયોમાં આપવામાં આવી હતી.





**(૧૦.૨) એકમ કસોટી / પ્રથમ સત્ર નિદાન કસોટીની તૈયારીમાં માર્ગદર્શન :** ગુજરાત સરકાર દ્વારા ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સામયિક (Periodic Assessment Test) મૂલ્યાંકન કસોટીનું આયોજન કરવામાં આવતું હતું. દર મહિને સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જુદા જુદા વિષયના પ્રશ્ન પેપર કાઢીને વિદ્યાર્થીઓને આપવામાં આવતા હતા. આ પ્રશ્ન પેપરના જવાબો વિદ્યાર્થીઓ સરકારે આપેલી એકમ કસોટી નોટબુકમાં લખતા હતા.

આ દરેક એકમ કસોટી અને પ્રથમ સત્ર નિદાન કસોટીમાં વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી શકે તે માટે ટ્રસ્ટના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને આ કસોટીઓ ના ઉત્તરો તૈયાર કરવા માટેનું માર્ગદર્શન આપવામાં આવતું હતું.

**(૧૦.૩) અભ્યાસક્રમનું પુનરાવર્તન કાર્ય :** માર્ચ-૨૦૨૧ના મહિના દરમિયાન ટ્રસ્ટના શિક્ષકો દ્વારા બન્ને સત્રના અભ્યાસક્રમનું દ્રઢિકરણ (Consolidation / Reinforcement) કરવા માટે **ક્વિઝોલા પધ્ધતિથી** (પ્રશ્નો આધારિત તેનાં જવાબો શોધવાની એક પ્રકારની રમત) અભ્યાસક્રમનું પુનરાવર્તન (Revision) કાર્ય પણ ટ્રસ્ટના શિક્ષકો દ્વારા કરાવવામાં આવ્યું હતું.





**ક્વિઝોલા પધ્ધતિથી અભ્યાસક્રમના પુનરાવર્તન કાર્યમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ**

(૧૧) ગ્રામીણ વિસ્તારોમાં ઑક્ટોબર-૨૦ પછી કોવિડ-૧૯ના સંક્રમણનો વ્યાપ ઓછો થતા ટ્રસ્ટના શિક્ષકો દિવસ દરમિયાન ગામમાં જ કોઈ એક જાહેર સ્થળે સવારે ૨ કલાક વિદ્યાર્થીઓનાં ૫-૧૦ની સંખ્યાના એક જૂથને અને બપોર પછી ૩ કલાક બીજા એક નાના જૂથમાં ૫-૧૦ વિદ્યાર્થીઓને Social Distancing મુજબ બેસાડીને શિક્ષણકાર્ય કરાવતા હતા.

**(૧૨) ઘરે શીખીએ શિક્ષણ કાર્યની પધ્ધતિના અમારા કેટલાંક અનુભવો :** વિદ્યાર્થીઓને ઘરે ઘરે જઈને શિક્ષણકાર્ય કરાવવામાં ટ્રસ્ટના શિક્ષકોને બહુ ખટ્ટમીઠ્ઠા યાદગાર અનુભવો થયા હતા તેમાંથી કેટલાંક અનુભવો અત્રે જણાવતા આનંદ થાય છે.

- શિક્ષણકાર્યની પ્રવૃત્તિ દરમિયાન શરુ શરુમાં કેટલાંક ગ્રામજનોને અને વિદ્યાર્થીઓને લાગતું કે, આ તો સરકારી દવાખાનામાંથી કોરોનાનો ટેસ્ટ કરવા આવ્યા લાગે છે, એટલે બીકના માર્યા છોકરાઓ સંતાઈ જાય, ભાગી પણ જતાં.
- દરેક ગામમાં વિદ્યાર્થીઓના વાલીઓનો ખૂબ સહકાર મળ્યો. શિક્ષકોને ઉમળકાભેર આવકારતા અને કહેતા કે, "સારુ કર્યું, તમે આવ્યા, છોકરાઓ કંઈક તો ભણશે, નહીંતર આખો દિવસ રખડી ખાત" ઘણાં ઘરે તો શિક્ષક તેમનાં બાળકને ભણાવતા હોય ત્યારે વાલીઓ કુતૂહલપૂર્વક બાજુમાં ઉભા રહીને જોયા કરતા હોય તેવું પણ અનુભવ્યું. કોઈ વાલી તો ગરમીમાં કુલરની વ્યવસ્થા પણ કરતા, ચ્હા પીધા વગર તો જવા જ ન દે.
- મોટા ભાગના વિદ્યાર્થીઓ ખૂબ જ રસપૂર્વક શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવા બેસતા અને બીજા દિવસે શિક્ષકો ક્યારે આવે, તેની રાહ જોઈને બેઠા હોય, તેમ છતાં (however) કેટલાંકને તો શિક્ષણકાર્યમાં રુચિ જ નહોતી થતી એટલે વારંવાર બોલાવવા છતાં પણ તેઓ શિક્ષણ કાર્ય માટે આવતા નહોતા.
- શિક્ષકો તેમનાં મોબાઈલમાંથી ઘરે શીખીએ શૈક્ષણિક સંપુટમાં આપેલ **QR કોડ સ્કેન** કરીને વિડીયો બતાવતા હતા તેમાં બાળકોને ખૂબ મજા પડતી.





- ઘરે ઘરે જઈને શિક્ષણ કાર્ય કરાવવાની ટ્રસ્ટની કામગીરીની એકંદરે દરેક ગામમાં ગ્રામજનોએ ખૂબ પ્રસંશા કરી અને સંતોષ વ્યક્ત કર્યો હતો.

● ધોરણ-૧ માં આવેલાં બાળકો ખૂબ નાના હોય, શાળાએ જવાનો હજુ અનુભવ જ ન હતો તેવા બાળકોને ઘરે ટ્રસ્ટની શિક્ષિકા બહેન શિક્ષણ કાર્ય માટે જાય એટલે બાળક રડવા લાગે એટલે શિક્ષિકા બહેન દ્વારા ચોકલેટ આપી બાળકને પ્રેમથી ખોળામાં બેસાડીને શાંત કરે એટલે વિદ્યાર્થીને પોતાના સ્વજન જેવું લાગે ત્યાર પછી જ પ્રવૃત્તિ કરવા બેસે, શિક્ષણકાર્ય દરમિયાન વાલીને બાજુમાં પણ બેસાડવા પડતા હતા.

ટ્રસ્ટના ૪ શિક્ષકો દ્વારા **જુલાઈ-૨૦ થી માર્ચ - ૨૧** દરમિયાન ધોળકા તાલુકાના પસંદ કરેલા **૧૦ ગામોમાં ધોરણ ૧ થી ૮ ના કુલ ૪૦૭૪ વિદ્યાર્થીઓને** પ્રવૃત્તિ દ્વારા શિક્ષણકાર્ય કરાવી શક્યા હતા.

## ૧.૨ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણકાર્ય કરાવવામાં અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનનો સહયોગ :

ટ્રસ્ટના આર્થિક સહયોગથી અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શૈક્ષણિક પ્રવૃત્તિઓ ધોળકા તાલુકાના ૩૭ **ગામોમાં** કરવામાં આવે છે. આ ત્રણેય શૈક્ષણિક પ્રવૃત્તિઓ અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા લાંબા સમય સુધી અવિરત ચાલતી રહે તે માટે ટ્રસ્ટે કાયમી ધોરણે આર્થિક વ્યવસ્થા કરી દીધી છે.

કોવિડ-૧૯ ની મહામારીની અસર અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનની બધી જ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપર પણ થઈ ગઈ છે, કારણ કે તેમના શિક્ષણ કાર્યના અભિગમમાં વિદ્યાર્થીઓ કેન્દ્રમાં છે. વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવૃત્તિઓની સામગ્રી (Hands on activity Kit) નો જાતે ઉપયોગ કરીને વિજ્ઞાન અને ગણિત વિષયને શીખે તેવો અભિગમ રહ્યો છે પણ, મહામારીને કારણે વિદ્યાર્થીઓ શાળાઓમાં શૈક્ષણિક કાર્ય માટે નહીં આવી શકે તેવું જાણ્યા પછી તેઓએ ધોળકા તાલુકાની ૩૭ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરવા માટે નીચે મુજબની વ્યુહ રચના અપનાવી હતી.






જેમાં મુખ્યત્વે (૧) મોબાઈલ આધારિત ઑનલાઈન શિક્ષણ / વર્ચ્યુઅલ (Virtual) ક્લાસ દ્વારા ઑનલાઈન શિક્ષણ (૨) મોબાઈલ આધારિત (વૉટ્સએપ ગ્રુપ બનાવીને) ઑફલાઈન શિક્ષણ (૩) પસંદગીની પ્રાથમિક શાળાના ગામની મુલાકાત કરીને વિદ્યાર્થીઓને રુબરુ (face to face) નાના નાના જૂથમાં નિદર્શન પધ્ધતિ દ્વારા શિક્ષણ કાર્ય કરાવવું.

### ૧.૨.૧ વિજ્ઞાન વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવાનું કાર્ય :

અગસ્ત્ય ફાઉન્ડેશન નિર્મિત શૈક્ષણિક સાધન - સામગ્રીનો (Hands on activity Kit) ઉપયોગ કરીને વિજ્ઞાન વિષયને પ્રવૃત્તિ દ્વારા ભણાવવા માટે Science Lab on a Bike (LOB) ના **૨ યુનિટ** ધોળકા તાલુકાની **૨૪ પ્રાથમિક શાળાઓ** માટે ફેબ્રુઆરી-૨૦૧૯ થી શરુ કરવામાં આવ્યા છે. આ પ્રવૃત્તિના બન્ને યુનિટ દ્વારા માર્ચ-૨૦૨૧ના અંત સુધીમાં **ધોળકા તાલુકાની ૨૪ પ્રાથમિક** શાળાઓના ગામોમાં જઈને (face to face) **ધોરણ ૬ થી ૮** ના **૬૪૫૦ વિદ્યાર્થીઓને** નિદર્શન (Demonstration) દ્વારા વિજ્ઞાન વિષય ભણાવ્યો હતો.

### ૧.૨.૨ ગણિત વિષયને પ્રવૃત્તિ દ્વારા શીખવવાનું કાર્ય :

અગસ્ત્ય ફાઉન્ડેશન નિર્મિત શૈક્ષણિક સાધન - સામગ્રીનો (Hands on activity Kit) ઉપયોગ કરીને ગણિત વિષયને પ્રવૃત્તિ દ્વારા ભણાવવા માટે Mathematics - Lab on a Bike (LOB) નું એક યુનિટ ધોળકા તાલુકાની **૧૩ પ્રાથમિક** શાળાઓ માટે સપ્ટેમ્બર-૨૦૧૮ થી શરુ કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિના એક યુનિટ દ્વારા માર્ચ-૨૦૨૧ના અંત સુધીમાં **ધોળકા તાલુકાની ૧૦ પ્રાથમિક** શાળાઓના ગામોમાં જઈને (face to face) **ધોરણ ૬ થી ૮ ના ૨૨૫૫** વિદ્યાર્થીઓને નિદર્શન (Demonstration) દ્વારા ગણિત વિષય ભણાવ્યો હતો.







**૧.૨.૩ : *Operation Vasanta (OV)* પ્રવૃત્તિ :** અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત ***Operation Vasanta (OV)*** નામની પ્રવૃત્તિ અંતર્ગત જૂન -૨૦૧૯ થી ધોળકા તાલુકાના ૧૦ ગામોમાં ટ્રસ્ટના આર્થિક સહયોગથી OV કેન્દ્રો શરુ કર્યા છે. ગ્રામીણ બાળકોના સર્વાંગી વિકાસ માટે અને શિક્ષણમાં સમુદાયની ભાગીદારી વધે (Engaging community participation in education) તે હેતુસર આ કેન્દ્રો શરુ કર્યા છે. ઑપરેશન વસંતા કાર્યક્રમ અંતર્ગતના OV કેન્દ્રોમાં મુખ્યત્વે શિક્ષિત અને તાલીમ લીધેલાં સ્થાનિક સ્વયંસેવકો દ્વારા ગામના ૭ થી ૧૪ વર્ષ ની વયજૂથના બાળકો ના વ્યકિતત્વ વિકાસ માટે તેમના જ ગામમાં નિયત સમયપત્રક મુજબ નક્કી કરેલી વ્યક્તિત્વ વિકાસ/ સંર્વાંગી વિકાસની તથા જીવન ઉપયોગી નાની-મોટી વિવિધ વ્યકિતત્વ વિકાસની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો આખા દિવસમાં બે-ત્રણ કલાક માટે કરવામાં આવે છે. લોકડાઉનના સમય દરમિયાન આ કેન્દ્રોની પ્રવૃત્તિઓ બંધ રહી હતી, પણ હવે, કેન્દ્રો પાછા સારી રીતે કાર્યરત થઈ ગયા છે. ખાસ કરીને આ લોકડાઉનના સમયગાળામાં પ્રાથમિક શાળાઓ બંધ હોવાથી બાળકો માટે OV સેન્ટરની પ્રવૃત્તિઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.








## (૨) સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ (Co-curricular activity) નું અમલીકરણ :

**"પ્રગતિશીલ શાળા વિકાસ યોજના"** હેઠળ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ના સમયગાળા માટે કેટલીક સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતુ પણ કોવિડ-૧૯ની મહામારીને કારણે વિદ્યાર્થીઓ સાથે પ્રત્યક્ષ રીતે કરી શકાય તેવી કોઈ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરી શકાઈ નથી પણ અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના સહયોગથી આભાસી (virtual) રીતે નીચે જણાવેલ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

**૨.૧. વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી :**

૨૧મી ફેબ્રુઆરી દર વર્ષે વિશ્વ માતૃભાષા દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે. ગુજરાતી માતૃભાષાનો મહિમા કરવા અને વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષાનું મહત્વ સમજે તે હેતુથી ૨૨ ફેબ્રુઆરી-૨૦૨૧ને સોમવારે ધોળકા તાલુકાની **૩૭ પસંદ કરેલી** શાળાઓની **આંતર શાળાકીય વર્ચ્યુઅલ ચર્ચા સભા (Virtual Debate)** નું આયોજન કરવામાં આવ્યું હતું. ચર્ચા સભાનો **વિષય : "પ્રાથમિક શિક્ષણનું માધ્યમ માતૃભાષા"**. રાખવામાં આવ્યો હતો. આ ચર્ચા સભા **ધોરણ - ૫ થી ૮ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો** માટે રાખવામાં આવી હતી. આ ચર્ચા સભામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ બે ટુકડીમાં વહેચાઈ જઈને પ્રાથમિક શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવું જોઈએ કે નહીં ? તે અંગેના પોત પોતાના વિચારો વારા-ફરતી માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી મોબાઈલ દ્વારા ઑનલાઈન રજૂ કરે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થી પોતાના ગામમાંથી / શાળાએથી જ માઈક્રોસોફ્ટ ટીમની એપ દ્વારા મોબાઈલના માધ્યમથી ચર્ચાસભામાં જોડાયા અને પોતાની રજૂઆત કરી હતી.




વર્ચ્યુઅલ ચર્ચા સભામાં વિદ્યાર્થીઓ

કુલ એક કલાકની વર્ચ્યુઅલ - Virtual ચર્ચાસભાનો સમય સવારે ૧૧ થી ૧૨-૩૦નો નક્કી કરવામાં આવ્યો હતો, પણ ચર્ચા ખૂબ જ રસપ્રદ રહેતા ૨ કલાકથી પણ વધુ સમય લંબાવવી પડી હતી. વટામણ કન્યા પ્રાથમિક શાળાના ગુજરાતી વિષયના શિક્ષિકા બહેને આ ચર્ચા સભાનું સરસ સંચાલન કર્યું હતું. ૩૭ શાળાના કોઈપણ વિદ્યાર્થી ભાઈ-બહેન માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી ચર્ચા સભાની ચર્ચા ઑનલાઈન સાંભળી શકે તેવી ગોઠવણ પણ કરવામાં આવી હતી.

ધોળકા તાલુકાની પસંદ કરેલી **કુલ ૩૭ શાળાઓમાંથી ૨૯ પ્રાથમિક શાળાઓના ૭ કુમાર અને ૨૨ કન્યા એમ કુલ ૨૯ વિદ્યાર્થીઓ**એ આ આભાસી ચર્ચા (Virtual Debate) સભામાં ભાગ લીધો હતો.

૨.૨. **વર્ચ્યુઅલ- Virtual વિજ્ઞાન અને ગણિત મેળો :** વિજ્ઞાન અને ગણિત વિષયમાં વિદ્યાર્થીઓનું **પ્રવૃત્તિલક્ષી શિક્ષણ થાય** તથા વિદ્યાર્થીઓમાં **વૈજ્ઞાનિક અભિગમ** વિકસે તે હેતુથી ટ્રસ્ટ અને અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે નિયમિત રીતે વિજ્ઞાન - ગણિત મેળાનું આયોજન કરવામાં આવે છે. તા. ૨૬/૨/૨૦૨૧ ના રોજ **ધોળકા તાલુકાની ૩૭ પસંદ કરેલી પ્રાથમિક** શાળાઓના **ધોરણ - ૬ થી ૮ના** વિદ્યાર્થીઓ માટે **આંતર શાળાકીય વર્ચ્યુઅલ- Virtual વિજ્ઞાન - ગણિત મેળાનું** આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ચ્યુઅલ મેળામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ પોતે પસંદ કરેલ તૈયાર મૉડેલ્સ - કૃતિઓ અથવા વિદ્યાર્થીએ સ્થાનિક સાધન-સામગ્રીનો ઉપયોગ કરીને પોતે બનાવેલા વિજ્ઞાન અને ગણિતના મૉડેલ્સ / કૃતિ વિશે માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી મોબાઈલ દ્વારા ઑનલાઈન રજૂઆત કરી હતી.



**વર્ચ્યુઅલ મેળામાં પોતાની કૃતિઓની ઑનલાઈન રજૂઆત કરતા વિદ્યાર્થીઓ**

**કોષ્ટક નં.- ૧**

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ અને અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત વર્ચ્યુઅલ વિજ્ઞાન / ગણિત મેળાની વિગતો**

| ક્રમ | વિગત | | | ૧૨ શાળા LOB- ૧ | ૧૨ શાળા LOB- ૨ | ૧૩ શાળા LOB-Maths | ૩૭ શાળા કુલ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિજ્ઞાન-ગણિત મેળામાં ભાગ લેનાર શાળાની સંખ્યા | | | ૫ | ૬ | ૫ | ૧૬ | |
| ૨ | વિદ્યાર્થીઓની સંખ્યા | કુમાર | | ૧૦ | ૭ | ૨૫ | ૪૨ | |
| | | કન્યા | | ૯ | ૭ | ૧૪ | ૩૦ | |
| | | કુલ | | **૧૯** | **૧૪** | **૩૯** | **૭૨** | |
| ૩ | રજૂ થયેલ મૉડલની વિગત | વિજ્ઞાન વિષયના મૉડલ | કુમાર | ૧૦ | ૬ | ૧૮ | ૩૪ | • ૩૮ મૉડલ વ્યક્તિગત રીતે રજૂ થયા **(૩૮ વિદ્યાર્થીઓ)** |
| | | | કન્યા | ૮ | ૩ | ૩ | ૧૪ | • ૧૪ મૉડલ એવા પ્રસ્તુત થયા જે બે વિદ્યાર્થીઓએ મળીને રજૂ કર્યા હોય **(૨૮ વિદ્યાર્થીઓ)** |
| | | | કુલ | **૧૮** | **૯** | **૨૧** | **૪૮** | |
| | | ગણિત વિષયના મૉડલ | કુમાર | ૦ | ૦ | ૩ | ૩ | • ૦૨ મૉડલ એવા પ્રસ્તુત થયા જે ત્રણ વિદ્યાર્થીઓએ મળીને રજૂ કર્યા હોય (૦૬ વિદ્યાર્થીઓ) |
| | | | કન્યા | ૦ | ૧ | ૨ | ૩ | |
| | | | કુલ | ૦ | ૧ | ૫ | ૬ | |
| | | કુલ | | **૧૮** | **૧૦** | **૨૬** | **૫૪** | • કુલ ૫૪ મૉડેલ **(૩૮+૨૮+૦૬=૭૨ વિદ્યાર્થીઓ)** |

## (૩) વિદ્યાર્થી અને શાળાને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું અમલીકરણ :

**પ્રગતિશીલ શાળા વિકાસ** યોજના હેઠળ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓ અને શાળાઓને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક સત્રથી આ પ્રકારની પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું પણ કોવિડ-૧૯ના વાઈરસની મહામારીને કારણે શાળાઓમાં આખા વર્ષ દરમિયાન શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરુ જ થઈ નહીં, વિદ્યાર્થીઓને શાળાએ જ બોલાવવામાં આવ્યા ન હતા એટલે આ વર્ષે ખૂબ જ મર્યાદિત સંખ્યામાં આ પ્રકારની પ્રવૃત્તિઓ થઈ શકી છે તેની વિગત કોષ્ટક નં-૨ માં આપેલી છે.



**શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ**



**વિના મૂલ્યે સ્કૂલ બેગનું વિતરણ**



**વિદ્યાર્થીઓને રાહતદરે નોટબુકનું વિતરણ**

**કોષ્ટક નં.- ૨**

## શાળાના વિદ્યાર્થીઓ અને શાળાઓને પ્રત્યક્ષ રીતે ઉપયોગી થાય તેવી ટ્રસ્ટ દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની માહિતી

| ક્રમ | મહિનો | પ્રવૃત્તિની વિગત | લાભાર્થીની વિગત |
|---|---|---|---|
| ૧ | જુલાઈ-૨૦૨૦ | શાળા પ્રવેશોત્સવ-૨૦૨૦ નિમિત્તે **ધોરણ-૧માં પ્રવેશ લીધેલ બાળકોને** વિનામૂલ્યે દફતર (School bag) વિતરણ કરવામાં આવ્યાં | ધોળકા તાલુકાની ૧૩ પ્રાથમિક શાળાના **૨૮૧ બાળકો** |
| ૨ | જુલાઈ-૨૦૨૦ | નવા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓને **૩૩૪૫ ડઝન નોટબુક ૫૦ ટકાના** રાહતદરે વિતરણ કરવામાં આવી | ધોળકા તાલુકાની ૧૩ પ્રાથમિક શાળાના **૧૬૭૫ વિદ્યાર્થીઓ** |
| ૩ | જુલાઈ-૨૦૨૦ | વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષમાં **૧૨ પ્રાથમિક શાળાઓમાં** વૃક્ષારોપણ કાર્યક્રમ માટે ટ્રસ્ટ દ્વારા પ્રાથમિક શાળાઓને તેઓની પસંદગીના **કુલ ૧૨૧૧ નંગ રોપાઓ (૧૬ પ્રકારના ફૂલછોડ અને મોટા સુશોભનના વૃક્ષના રોપા)** વિનામૂલ્યે ૧૨ શાળાઓમાં ટ્રસ્ટના ખર્ચે ખરીદીને પહોચાડ્યા અને આ રોપાઓનું શાળાઓમાં વાવેતર કરવા તેઓને પ્રોત્સાહિત કર્યા. | ધોળકા તાલુકાની ૧૨ પ્રાથમિક શાળાઓ |

## આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધાર (Aavishkar Science Center)

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના અંતરિયાળ ગામ માયધાર ખાતે લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ સણોસરા ટ્રસ્ટ દ્વારા સંચાલિત પંડિત સુખલાલજી લોક વિદ્યાલય કેન્દ્ર, માયધારના પરિસર (Campus) માં જૂન-૨૦૧૯ થી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, (Aavishkar Science Center) નો શુભારંભ થયો છે.

અંતરિયાળ માયધાર ગામની આસપાસની ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાના ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ અહીંના વિજ્ઞાન કેન્દ્રમાં આવીને, આખો દિવસ રોકાઈને તેમનાં વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમના એકમો (Unit / Lesson) ની પ્રવૃત્તિઓ જાતે કરીને, સમજીને વિજ્ઞાન વિષય ભણે છે.





આ વિજ્ઞાન કેન્દ્રમાં અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા તાલિમબધ્ધ તથા યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા અને અનુભવી શિક્ષકો દ્વારા રાજ્ય સરકારના અભ્યાસક્રમ મુજબ ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ (Hands on activity Kit) આધારિત વિજ્ઞાન વિષય શીખવવામાં આવે છે.

સામાન્ય સંજોગોમાં દર મહિને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રએ નક્કી કરેલ સમયપત્રક મુજબ માયધારની આસપાસની ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાઓ પોતે જ પોતાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પોતાના ખર્ચે વાહનોમાં નિયમિત રીતે અત્રેના વિજ્ઞાન કેન્દ્રમાં લાવવાનું આયોજન કરતી હતી, પરંતુ કોવિડ-૧૯ની મહામારીને કારણે આ વર્ષે પ્રાથમિક શાળાઓમાં શિક્ષણકાર્ય બંધ હોવાથી વિદ્યાર્થીઓ વિજ્ઞાન કેન્દ્રમાં આવીને જૂથમાં બેસીને Hands on activity Kit નો ઉપયોગ કરીને પ્રવૃત્તિ આધારિત વિજ્ઞાન વિષય ભણી શકે તેમ ન હતું. ત્યારે આવા સંજોગોમાં આ પ્રકારના શિક્ષણ કાર્યને ચાલુ રાખવા માટે શું કરવું જોઈએ? તેવી એક મુંઝવણ ભરી સ્થિતિ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર માટે પણ થઈ ગઈ હતી.

**કોવિડ-૧૯ મહામારીની વિશિષ્ટ પરિસ્થિતિમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર દ્વારા શિક્ષણ કાર્ય :**

શરૂ શરૂમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધારના શિક્ષકોએ પણ આવા સંજોગોમાં ન છૂટકે મોબાઈલના માધ્યમથી ઑનલાઈન શિક્ષણકાર્યનો વૈકલ્પિક રસ્તો અપનાવ્યો પણ તેમાં તેમને પણ ધારી સફળતા ન મળી એટલે ટ્રસ્ટના સૂચનથી HOME LEARNING - દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમના "ઘરે શીખીએ" શૈક્ષણિક સાહિત્ય સંપુટના આધારે માયધાર ગામની આસપાસના ગામોમાં જઈને નાના નાના જૂથમાં (શેરી શાળાની જેમ) વિદ્યાર્થીઓને Hands on Activity Kit ની સામગ્રીના ઉપયોગ દ્વારા નિદર્શન પધ્ધતિથી વિજ્ઞાન વિષયનું શિક્ષણ કાર્ય ઑક્ટૉબર-૨૦૨૦ થી શરુ કર્યું હતું.

આમ, **ઑક્ટૉબર-૨૦ થી માર્ચ-૨૧** દરમિયાન પાલિતાણા અને તળાજા તાલુકાના **૨૨ ગામોમાં** આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, માયધારના શિક્ષકોએ ધોરણ **૬ થી ૧૨** ના **કુલ ૫૬૩૫ વિદ્યાર્થીઓને** પ્રવૃત્તિના નિદર્શન દ્વારા વિજ્ઞાન વિષયનું શિક્ષણકાર્ય કરાવ્યું હતું.

# શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા



શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા

અમદાવાદ જિલ્લાના ધોળકા શહેરના નગરજનો અને શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારના જન સમુદાયને રાહત દરે આરોગ્ય સેવાઓની અદ્યતન સુવિધાઓ મળી રહે તે હેતુથી, **છેલ્લા 52 વર્ષથી શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ**, ધોળકામાં પ્રસૂતિ અને સ્ત્રી રોગ સારવારનો વિભાગ, બાળરોગ નિદાન અને સારવાર, ફિઝિશિયન (Physician) અને મેડિસિન વિભાગ અને ચામડીના રોગના નિદાનનો વિભાગ કાર્યરત છે. આ ઉપરાંત હૉસ્પિટલમાં તમામ પ્રકારના સામાન્ય દર્દોની તપાસ, નિદાન અને સારવાર પણ કરવામાં આવે છે તથા દર્દીને વધુ સઘન સારવારની જરુર જણાય તો દર્દીને ક્યાં વધુ સારવાર મળી રહેશે, તે અંગેનું યોગ્ય માર્ગદર્શન અને સલાહ પણ અત્રેથી આપવામાં આવે છે.



હૉસ્પિટલ ખાતે રાહત દરે મળતી દવાની દુકાન

દર્દીઓના રોગના નિદાન માટે જરુરી એવા વિવિધ પેથૉલૉજી ટેસ્ટ ધોળકા શહેરની સ્થાનિક અન્ય હૉસ્પિટલોની પેથૉલૉજી લેબોરેટરી કરતાં શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં જ આવેલી પેથૉલૉજી લેબોરેટરીમાં દર્દીને જરુરી એવા બધા જ ટેસ્ટ રાહત દરે કરી આપવામાં આવે છે. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલની દવાની દુકાનેથી દર્દીઓને રાહત દરે દવાઓ પણ આપવામાં આવે છે.

છેલ્લા 52 વર્ષથી ખૂબ જ રાહત દરે સ્ત્રી રોગ નિદાન અને તેની સારવાર કરવા માટે શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ જાણીતી છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન હૉસ્પિટલના પ્રસૂતિગૃહમાં **કુલ ૧૮૨૪ બાળકો**ના જન્મ થયા છે, દર મહિને સરેરાશ **૧૫૨ બાળકોના** જન્મ થયા છે અને તેમાં માતા તેમજ નવજાત શિશુના સ્વાસ્થ્ય અંગે લેવાતી પૂરતી કાળજીના કારણે બાળમૃત્યુદરમાં નોંધપાત્ર અંકુશ જોવા મળેલ છે.

શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં જન્મતા દરેક બાળકને હૉસ્પિટલ તરફથી વિના મૂલ્યે શુભેચ્છા રુપે બેબીસેટ (પ્લાસ્ટિકની ગોદડી, ઝભલું અને ટોપી) ભેટ આપવામાં આવે છે.



હૉસ્પિટલની અદ્યતન પેથૉલૉજી લેબોરેટરી

## શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન થયેલી મુખ્ય પ્રવૃત્તિઓ:

**૧. કોવિડ-૧૯ ની વૈશ્વિક મહામારીમાં હૉસ્પિટલ દ્વારા જન સમુદાયની અવિરત આરોગ્ય સેવા :** સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી કેન્દ્ર સરકારે એપ્રિલ-૨૦૨૦ની શરુઆતમાં સમગ્ર દેશ માટે લોકડાઉનની જાહેરાત કરતા સમગ્ર માનવજીવન ઠબ થઈ ગયું. પણ માનવના શરીરને તો ગમે ત્યારે આરોગ્ય સેવાઓની જરુર પડતી હોય છે. લોકડાઉનને કારણે અને કોરોનાના સંક્રમણના ભયને કારણે ધોળકા શહેર અને તેની આસપાસના વિસ્તારોની મોટા ભાગની ખાનગી હૉસ્પિટલો બંધ થઈ ગઈ હતી તેવા મુશ્કેલીભર્યા સમયે શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના દરેક વિભાગનો સમગ્ર સ્ટાફ સગર્ભા મહિલાઓ, નવજાત શિશુઓ - બાળકો, વૃધ્ધો અને સામાન્ય દર્દથી પીડાતા દર્દીઓની સારવાર કરવા માટે અડીખમ રહ્યો. હૉસ્પટિલ બધા જ દિવસોએ **24 x 7** પ્રમાણે કાર્યરત રહી, કોરોના વાઈરસનું સંક્રમણ દર્દીને અને સ્ટાફને લાગે નહીં તે માટેના સાવચેતીના જરુરી બધા જ પગલાં ભરીને તથા કોરોનાના સંક્રમણની મહામારીના સમયે હૉસ્પિટલમાં દર્દીની સારવાર દરમિયાન પાળવાના પ્રોટોકોલને (**Standard Operating Procedure** (SOP) for a suspect case of COVID-19) અનુસરીને રાત-દિવસ જોયા વગર હૉસ્પિટલમાં આવતા દરેક પ્રકારના દર્દીઓની સારવાર કરીને શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલે **"માનવ સેવા એજ પ્રભુ સેવા"** નું સૂત્ર સાર્થક કર્યું છે.

૨. હૉસ્પિટલના વિવિધ વિભાગો દ્વારા દર્દીઓને આપવામાં આવેલી સારવાર :

**કોષ્ટક નં.- ૩**

**શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલમાં આવેલા દર્દીઓને આપવામાં આવેલી સારવારની માહિતી**

| ક્રમ | વિભાગ વાર કેસોની માહિતી | છેલ્લા ૩ વર્ષ દરમિયાન સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | **ઈનડોર કેસોની સારવારની વિભાગવાર સંખ્યા** | **૨૦૧૮-૧૯** | **૨૦૧૯-૨૦** | **૨૦૨૦-૨૦૨૧** |
| ૧ | સામાન્ય પ્રસૂતિ | ૧૦૩૨ | ૧૩૨૦ | ૧૧૫૯ |
| ૨ | સિઝિરિયન પ્રસૂતિ | ૪૩૦ | ૪૭૭ | ૬૬૫ |
| ૩ | કુટુંબ નિયોજનના ઑપરેશન | ૯૩ | ૮૩ | ૯૧ |
| ૪ | ગર્ભાશયની કોથળીનું ઑપરેશન | ૩૯ | ૬૬ | ૫૭ |
| ૫ | અન્ય ઑપરેશન | ૪૦૬ | ૩૦૮ | ૩૨૯ |
| | **સારવાર આપવામાં આવેલ કુલ ઈનડોર દર્દીઓની સંખ્યા** | **૨૦૦૦** | **૨૨૫૪** | **૨૩૦૧** |
| | **આઉટડોર કેસોની વિગતવાર સંખ્યા** | | | |
| ૧ | પ્રસૂતિ અને સ્ત્રી રોગ વિભાગ | ૨૬૩૯૪ | ૨૯૬૭૮ | ૨૬૦૮૧ |
| ૨ | બાળરોગ નિદાન વિભાગ | ૮૯૨૫ | ૧૦૬૭૭ | ૮૩૦૨ |
| ૩ | ફિઝિશન (Physician) વિભાગ | ૩૪૬૨ | ૪૦૮૮ | ૨૫૬૨ |
| ૪ | ચામડીના રોગ નિદાન વિભાગ | ૩૩૭૬ | ૩૫૦૪ | ૨૭૫૭ |
| | **સારવાર આપવામાં આવેલ કુલ આઉટડોર દર્દીઓની સંખ્યા** | **૪૨૧૫૭** | **૪૭૯૪૭** | **૩૯૭૦૨** |
| ૧ | ચિરંજીવી યોજના લાભાર્થી | ૪૫૪ | ૬૨૦ | ૨૫ |
| ૨ | બાલસખા યોજનાના લાભાર્થી | ૬૯૬ | ૪૭૩ | ૦ |

**૩. સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ :**

આમ તો સામાન્ય પરિસ્થિતિમાં શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ દ્વારા દર વર્ષે નિયમિત રીતે ધોળકા શહેરની આસપાસના ગામોમાં **સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પનું** આયોજન કરવામાં આવતું હોય છે. પરંતુ આ વર્ષે કોરોના વાઈરસની મહામારીને કારણે હૉસ્પિટલની બહાર જઈને કેમ્પ કરવાને બદલે ધોળકા શહેર અને તેની નજીકના વિસ્તારોના જન સમુદાયના લાભાર્થે હૉસ્પિટલ ખાતે જ તારીખ : ૬-૩-૨૦૨૧ના રોજ **એક દિવસીય સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પનું** આયોજન કરવામાં આવ્યુ હતું.

આ કેમ્પમાં આવનાર દરેક દર્દીઓને જરુરી એવી દવા, લેબોરેટરી ટેસ્ટ, ECG તપાસ તથા જરુરી એવી અન્ય આરોગ્ય સેવાઓ વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ કેમ્પમાં **કુલ ૫૭ દર્દીઓએ** આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

**૪. સ્ત્રી રોગ નિદાન અને સારવાર કેમ્પ :**

શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના સ્ત્રીરોગ ચિકિત્સા વિભાગ દ્વારા વર્ષોથી મહિલા દર્દીઓની રાહત દરે ઉત્તમ સારવાર કરવામાં આવી રહી છે, તેનાં અનુસંધાને ગર્ભાશયની તકલીફ વાળી મહિલાઓ માટે તદ્દન રાહત દરે ગર્ભાશયના ઑપરેશન (Hysterectomy surgery) માટેના **2 કેમ્પનું** આયોજન હૉસ્પિટલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ બન્ને કેમ્પ **દરમિયાન ૨૯ મહિલા દર્દીઓએ** ગર્ભાશયના ઑપરેશન કરાવ્યા હતા.

## ટ્રસ્ટની ગ્રામ વિકાસની પ્રવૃત્તિ અને કોવિડ-૧૯ની મહામારીની અસરોથી સુરક્ષિત રહેવા લોકશિક્ષણ :

આ વર્ષે ટ્રસ્ટ દ્વારા ગ્રામ વિકાસની પ્રવૃત્તિમાં ૩ **ગામોની ૧૦ વિધવા અને ગરીબ નિરાધાર મહિલાઓને દર મહિને** અનાજ-કરિયાણાની કીટ આપીને તેઓને થોડો ટેકો આપવાનું કાર્ય કર્યું હતું.

વૈશ્વિક કોવિડ-૧૯ વાઈરસની મહામારી શહેરોમાંથી ગામડાઓમાં પણ ફેલાવવાની સંભાવનાઓને કારણે ટ્રસ્ટ દ્વારા આગોતરા ઉપાય તરીકે ગ્રામ વિકાસ માટેના પસંદ કરેલા ત્રણ ગામોમાં કોવિડ-૧૯ વાઈરસ શું છે ? લોકોમાં કેવી રીતે સંક્રમિત થાય છે ? લોકોમાં સંક્રમણ ફેલાય નહીં તે માટે ગામના લોકોએ શું શું સાવચેતી રાખવી જોઈએ ? સમુદાયમાં તે અંગેનુ લોક શિક્ષણ કરવામાં આવ્યું અને **કોષ્ટક નં-૪** માં જણાવેલ વસ્તુઓનું ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ગ્રામજનોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.





**કોષ્ટક નં.- ૪**

## ગ્રામ વિકાસ માટે અને કૉવિડ-૧૯ની મહામારીમાં જન સમુદાય વાયરસના સંક્રમણથી સુરક્ષિત રહે તે માટે ટ્રસ્ટ દ્વારા વિતરણ કરેલ વસ્તુઓની માહિતી

| ક્રમ | પ્રવૃત્તિની વિગત | પ્રવૃત્તિની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | | | | લાભાર્થીની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| | | | કેસરગઢ | વેજલકા | ભુંભલી | કુલ | |
| ૧ | વિધવા અને નિરાધાર ગરીબ મહિલાઓને **દર મહિને** અનાજ-કરિયાણાની **એક કીટ (એક કીટમાં ૧૭ જીવન જરુરિયાતની વસ્તુઓ અને અનાજ-કરિયાણું)** નું વિતરણ કરવામાં આવ્યું | ૧ | ૪ મહિલા | ૨ મહિલા | ૪ મહિલા | ૧૦ મહિલા | **ત્રણ ગામની ૧૦ વિધવા અને ગરીબ નિરાધાર મહિલાઓ** |
| ૨ | ગ્રામજનોમાં કોવિડ-૧૯ વાયરસનું સંક્રમણ ફેલાય નહીં તે માટે મોઢા ઉપર બાંધવાના માસ્ક (Face Mask) નું વિતરણ કર્યું | ૧ | ૧૧૦૩ વ્યક્તિ | ૨૧૧૬ વ્યક્તિ | ૧૨૯૨ વ્યક્તિ | ૪૫૧૧ વ્યક્તિ | • કેસરગઢમાં **૨૨૫ કુટુંબમાં** વસ્તુઓનું વિતરણ કર્યું.<br>• વેજલકામાં **૪૧૫ કુટુંબમાં** વસ્તુઓનું વિતરણ કર્યું.<br>• ભુંભલીમાં **૨૭૦ કુટુંબમાં** વસ્તુઓનું વિતરણ કર્યું. |
| ૩ | ગ્રામજનોમાં કોવિડ-૧૯ વાયરસનું સંક્રમણ ફેલાય નહીં તે માટે વારંવાર હાથ ધોવાની ટેવ પડે તે માટે હાથ ધોવાના સાબુનું વિતરણ કર્યું. | ૧ | ૨૨૫ કુટુંબ | ૪૧૫ કુટુંબ | ૨૭૦ કુટુંબ | ૯૧૦ કુટુંબ | |
| ૪ | ગ્રામજનોમાં રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે ઉકાળો બનાવીને ઘરે ઘરે જઈને વ્યક્તિદીઠ ઉકાળો પીવડાવ્યો | ૧ | ૨૨૫ વ્યક્તિ | ૪૬૪ વ્યક્તિ | ૨૭૦ વ્યક્તિ | ૯૫૯ વ્યક્તિ | |

# આભાર દર્શન

**ટ્રસ્ટની વિવિધ લોક ઉપયોગી પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં નીચે જણાવેલ સંસ્થાઓ અને વ્યક્તિઓનો વિવિધ સ્વરુપે ટ્રસ્ટને સાથ-સહકાર પ્રાપ્ત થયો છે તે બદલ ટ્રસ્ટીગણ સૌનો હૃદયપૂર્વક આભાર માને છે.**

- ડૉ. અરુણભાઈ દવે, મેનેજીંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા, જિ. ભાવનગર
- શ્રી પિંકેશભાઈ કે. પટેલ. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ધોળકા.
- અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, બેંગલુરૂ, કર્ણાટક.
- ટેક્સટાઈલ ટ્રેડર્સ કૉ.ઑપરેટીવ બેંક, અમદાવાદ
- માનનીય સર્વ ટ્રસ્ટીગણ, શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ, ધોળકા
- સર્વ આચાર્યશ્રીઓ પ્રાથમિક શાળા ખાત્રીપુર, શેખડી, રનોડા, રીડપુરા, સીમેજ, સાંગ, ભુંભલી, કેસરગઢ, શિહોરીપુરા, વેજલકા, જાખડા, જવારજ અને અરણેજ
- શ્રી પાર્થેશભાઈ પંડ્યા, આઈ ટુ વી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર
- ઈન્સ્પિરૉન એન્જિનયરિંગ પ્રા.લિ., અમદાવાદ
- ટુઝલર ઈન્ડિયા પ્રા.લિ. અમદાવાદ
- એરહાર્ડ + લીમર (ઈન્ડિયા) પ્રા.લિ. અમદાવાદ
- શ્રી રાજેશભાઈ આર. શાહ, અમદાવાદ
- શ્રી શાંતિલાલ એચ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
- શ્રીમતી શ્રુતિબહેન પી. શાહ, અમદાવાદ



ડૉ. વિજયકુમાર કૌશલે BRS, B.Ed., MSW, LLB, M.Phil. અને Ph.D. સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. વર્ષ ૨૦૧૨માં તેઓએ National Eligibility Test (NET) for Lectureship ની પરીક્ષા પાસ કરી છે. તેઓએ વર્ષ ૧૯૮૭ થી વિક્રમ સારાભાઈ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઈન્ટરેક્શન (VIKSAT) નામની અમદાવાદ સ્થિત પ્રતિષ્ઠિત સ્વૈચ્છિક સંસ્થામાંથી તેમની વ્યવસાયિક કારકિર્દી શરુ કરી હતી. વિક્સતમાં વન અને પર્યાવરણ યુનિટના પ્રોગ્રામ કૉઓર્ડિનેટર તરીકે ૩૧, જુલાઈ ૨૦૧૭ સુધી કાર્યરત રહ્યા. વર્ષ ૧૯૯૦ થી ૧૯૯૪ દરમિયાન શ્રી જે.સી.કુમારપ્પા ગ્રામ વિદ્યાપીઠ, ગઢડા (સ્વામીના) જિ. ભાવનગરની BRS (ગ્રામ વિદ્યા વિશારદ) કોલેજમાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે રહીને અધ્યાપન કાર્ય કર્યું હતું.

**કુદરતી સંસાધનો થકી ટકાઉ વિકાસ અને શિક્ષણ** ક્ષેત્રે તેઓ ૩૩ **વર્ષનો** બહોળો અનુભવ ધરાવે છે. તેઓ **સપ્ટેમ્બર, ૨૦૧૭માં** શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટમાં **પ્રોગ્રામ મેનેજર** તરીકે જોડાયા. ટ્રસ્ટની **આરોગ્ય, શિક્ષણ અને ગ્રામ વિકાસની** વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના આયોજન અને અમલીકરણ માટે ટ્રસ્ટના કાર્યકરોની ટીમને માર્ગદર્શન આપી રહ્યા છે.

**સંપર્ક : મો.** : ૯૮૨૫૪ ૧૫૩૧૯, Email : vkaushal2000@gmail.com

## ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ-૮ (જુઓ નિયમો - ૧૭-૧)
## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
## તા. ૩૧.૩.૨૦૨૧ના રોજનું સરવૈયું.

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ
Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005

| ફંડ અને જવાબદારીઓ | રકમ (રૂા.) | મિલકત અને અસ્કયામતો | રકમ (રૂા.) |
|---|---|---|---|
| સ્થાપિત ફંડ | ૧,૦૦૧ | કાયમી અસ્કયામતો | ૭,૦૧,૯૨૬ |
| અંકિત કરેલા ફંડ | ૩૦,૦૦,૦૦૦ | રોકડ અને બેંક અવેજ | ૫૮,૬૨,૦૫૪ |
| ઉપજ અને ખર્ચ ખાતું | ૩૪,૭૮,૫૫૫ | અન્ય ચાલુ અસ્કયામતો | ૧૮,૨૯૦ |
| અન્ય ચાલુ જવાબદારીઓ | ૧,૦૨,૭૧૪ | | |
| **કુલ** | **૬૫,૮૨,૨૭૦** | **કુલ** | **૬૫,૮૨,૨૭૦** |

## ધી મુંબઈ પબ્લિક ટ્રસ્ટ કાયદો, ૧૯૫૦ પરિશિષ્ટ-૯ (જુઓ નિયમો - ૧૭-૧)
## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
## તા.૩૧.૩.૨૦૨૧ ના રોજ પૂરા થયેલ વર્ષ માટેનો ઉપજ ખર્ચનો હિસાબ

| ખર્ચ | રકમ (રૂા.) | ઉપજ | રકમ (રૂા.) |
|---|---|---|---|
| વહીવટી ખર્ચાઓ | ૭,૩૨,૫૦૦ | વ્યાજની આવક | ૨,૦૧,૮૦૩ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનો ખર્ચ | ૧૭,૮૬,૮૯૧ | મળેલ દાન | ૪૫,૭૭,૦૦૦ |
| ઘસારા ખાતેની જોગવાઈ | ૧,૨૧,૩૩૩ | અન્ય આવક | ૨૪૦ |
| ખર્ચ કરતા ઉપજનો વધારો જે સરવૈયામાં લઈ ગયેલ તે | ૨૧,૩૮,૩૧૯ | | |
| **કુલ** | **૪૭,૭૯,૦૪૩** | **કુલ** | **૪૭,૭૯,૦૪૩** |

## ટ્રસ્ટના હેતુઓ અંગેના ખર્ચની વિગત

| ક્રમ | વિગત (રૂા.) | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧ | શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટ દ્વારા થયેલ ખર્ચ | ૧૬,૬૮,૮૨૧ |
| ૨ | ગરીબ સહાય પ્રવૃત્તિઓ નો ખર્ચ (અનાજ કરિયાણાની કીટનું વિતરણ) | ૧,૧૫,૫૭૦ |
| ૩ | સ્વચ્છતાની પ્રવૃત્તિઓ માટેનો ખર્ચ | ૨,૫૦૦ |
| | **કુલ ખર્ચ** | **૧૭,૮૬,૮૯૧** |

## ૧ એપ્રિલ ૨૦૨૦ થી ૩૧ માર્ચ ૨૦૨૧ દરમિયાન નીચેના દાતાઓ તરફથી ટ્રસ્ટને અનુદાન મળેલ છે.

| ક્રમ | દાતાનું નામ | સ્થળ | રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ઈન્સ્પિરૉન એન્જિનિયરિંગ પ્રા. લિ. | અમદાવાદ | ૧૮,૦૦,૦૦૦ |
| ૨ | ટ્રુઝલર ઈન્ડિયા પ્રા. લિ. | અમદાવાદ | ૧૫,૦૦,૦૦૦ |
| ૩ | શ્રી પ્રકાશભાઈ કે. ભગવતી | અમદાવાદ | ૫,૦૦,૦૦૦ |
| ૪ | એરહાર્ડ + લીમર (ઈન્ડિયા) પ્રા.લિ. | અમદાવાદ | ૨,૦૦,૦૦૦ |
| ૫ | શ્રીમતી અંજનાબેન પી. ભગવતી | અમદાવાદ | ૨,૦૦,૦૦૦ |
| ૬ | શ્રી અમોલભાઈ પી. ભગવતી | અમદાવાદ | ૧,૫૦,૦૦૦ |
| ૭ | શ્રી રાજેશભાઈ આર. શાહ | અમદાવાદ | ૧,૦૨,૦૦૦ |
| ૮ | શ્રી શાંતિલાલ એચ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧,૦૦,૦૦૦ |
| ૯ | શ્રીમતી શ્રુતિબહેન પી. શાહ | અમદાવાદ | ૨૫,૦૦૦ |

## શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરો અને કર્મચારીઓની ટીમ



## શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના કાર્યકરોની ટીમ



શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ

Trust Regd. No.: E/17046, Ahmedabad.
Dated : 28/01/2005


**સંપર્ક માટેનું સરનામું :**

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**

C/o. શ્રીમતી સંતોકબા ભગવતી જનરલ હૉસ્પિટલ

કલિકુંડ રોડ, અટલ સરોવરની સામે, ધોળકા - ૩૮૨૨૨૫. જિ. અમદાવાદ

ફોન. : મો. ૯૮૨૫૪ ૧૫૩૧૯ / ૦૨૭૧૪ - ૨૨૩૩૬૪ Email : vkaushal2000@gmail.com

**શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટ**

**હેડ ઑફિસ :** ઈન્સ્પિરૉન એન્જિનિયરિંગ પ્રા.લિ. ઓઢવ જીઆઈડીસી પાસે, ઓઢવ, અમદાવાદ- ૩૮૨૪૧૫. ફોન નં. : ૦૭૯-૩૦૨૧૨૦૦૦